॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# એકવીસમી સદીમાં ઉચ્ચ શિક્ષણ

## ડૉ . યોગેન્દ્ર પારેખ

એકવીસમી સદીના પ્રથમ બે દાયકા પુરા થવામાં છે. સાહિત્ય, અન્ય કલાઓ, વિવિધ વિદ્યાશાખાઓ કે ઉદ્યોગ ક્ષેત્રે અઢારમી , ઓગણીસમી અને વીસમી સદી ખુબ નિર્ણાયક પૂરવાર થઇ છે. યુરોપની ઔદ્યોગિક ક્રાંતિ અને વિજ્ઞાનનું સતત વિસ્તરતું પ્રભાવક્ષેત્ર વૈશ્વિક પરિવર્તનમાં અત્યંત નિર્ણાયક સિદ્ધ થયા છે. માર્કસ, ફ્રોઈડ અને મહાત્મા ગાંધી જેવી વિભૂતિઓની જગતવ્યાપી અસર જુદા જુદા ક્ષેત્રો પર પડી છે. નાલંદા, તક્ષશિલા અને વલ્લભી વિદ્યાપીઠનો વારસો ધરાવતી આપણી  સંસ્કૃતિનો કેળવણીનો ઈતિહાસ સમગ્ર વિશ્વ માટે પથદર્શન સિદ્ધ થયો છે. શૂન્યની શોધ ભારતની વિશ્વને અણમોલ ભેટ છે. સર્વાંગી વિકાસની મૂલ્યવાન જડીબુટ્ટી તરીકે ઋષિ આશ્રમ , ગુરુકુળ પરંપરા આપણે ત્યાં પ્રતિષ્ઠિત હતી. સર્વાંગી કેળવણીના બહુવિધ આયામોની આપણા દેશમાં ભરપૂર શકયતાઓ હતી. વિશ્વ ઘડતરના પાયામાં પૂર્વની સંસ્કૃતિનો મૂલ્યવાન ફાળો છે. પૂર્વની સંસ્કૃતિ અને પશ્ચિમની સંસ્કૃતિ એ બે ધરી પર વિશ્વ વિશે વિચાર, મંથન, સંશોધન કરવાની સર્વમાન્ય રીતિ અભ્યાસના ક્ષેત્રમાં પ્રચલિત છે. આજે એકવીસમી સદીના બીજા દાયકાના અંતે શિક્ષણ વિશેની પરંપરાગત વિભાવનાઓ અને શિક્ષણ પ્રાપ્તિના સંશોધનો વિશે નવેસરથી વિચારવાનો સમય પાકી ગયો છે. 'જૂનું એટલું સોનું' એવી આપણી ભાષામાં એક કેહવત છે. શિક્ષણની પરંપરાગત પદ્ધતિ વિશે વિચારતી વખતે આપણે આ કહેવતને પણ ધ્યાનમાં લેવી જોઈએ. મહાત્મા ગાંધીએ વર્ગખંડોમાં અપાતા શિક્ષણની મર્યાદાઓ જોઈને જ આશ્રમ જીવનમાં બુનિયાદી તાલીમનો આગ્રહ રાખ્યો હતો. શરીરશ્રમની બાદબાકીના થવાના કારણે કેળવણીનો સમગ્ર ઉપક્રમ ખોટી દિશામાં છે એમ ગાંધીજીને જણાયું હતું.  આજે તો શિક્ષણમાં શરીરશ્રમની વાત કોઈપણ તબક્કે કેન્દ્રમાં જ નથી.

પદવીલક્ષી કે નોકરીલક્ષી શિક્ષણ વ્યવસ્થાએ સંવેદનશૂન્ય યંત્રમાનવોનો મોટો સમૂહ નિર્માણ કર્યો છે એમ લખીએ ત્યારે અતિશયોક્તિ જણાય, પણ વિશ્વના હાલચાલ કે વર્તમાન એ વાતની સાહેદી પૂરે છે કે માનવજાતિની દશા અને દિશા તીવ્રવેગે વિનાશની ક્ષિતિજો તરફ ધપી રહી છે. એકવીસમી સદીમાં મનુષ્યજાતને વિજ્ઞાનના અભિશાપમાંથી ઉગારવાનું કાર્ય શિક્ષણ દ્વારા જ થવું જોઈએ. વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય નૂતન ક્રાંતિ માટે નિર્ણાયક બને એ આપણા સમયની માંગ છે. ટેકનોલોજીના તરાપે આપણે વિશ્વ માનવ બનીએ એ દિશામાં શિક્ષણ, માર્ગદર્શક અને સહાયક બને એ અત્યંત તાકીદનું ગણાય.

ભારતમાં અંગ્રેજોનું શાસન હતું ત્યારે ૧૮૫૭થી અંગ્રેજોની કેળવણીપ્રથા મુજબની યુનિવર્સિટી શિક્ષણ વ્યવસ્થા શરૂ થઇ. ૧૮૫૭ માં મુંબઈ, મદ્રાસ અને કલકત્તા ખાતે ત્રણ યુનિવર્સિટી શરુ થઈ. યુનિવર્સિટી શિક્ષણનો સમગ્ર ઢાંચો પશ્ચિમની કેળવણી આધારિત હતો. અંગ્રેજી ભાષા સાહિત્યના શિક્ષણનો પ્રવેશ સ્વાભાવિક હતો. અંગ્રેજો પૂર્વે મોગલોનું લાંબાગાળાનું શાસન હતું. જે પ્રજાનું શાસન હોય તે એટલે કે શાસકોની ભાષા – સંસ્કૃતિની અસર પ્રજાજીવનના પ્રવાહો પર પડે છે. મુગલ શૈલીના શિલ્પ, સ્થાપત્ય અને અરબી ફારસી શબ્દોનો વ્યાપક પ્રભાવ પડ્યો. અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન અંગ્રેજી શાળાઓ અને યુનિવર્સિટીઓ શરુ થઇ. શાસન વ્યવસ્થા ચલાવવામાં સરળતા રહે એવા હેતુથી અભ્યાસક્રમનો ઢાંચો જ એવો રચાયો કે “ કારકૂનો પેદા કરતી કેળવણી” એવી ઓળખ સમીક્ષકો દ્વારા સ્વીકૃત બની. છેલ્લી એક સદીમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી ભાષા બનવાના કારણે આપણા પરંપરાગત સાંસ્કૃતિક પ્રવાહો પર સૂક્ષ્મ સ્તરે બહુ મોટી અસર થઇ છે. એકવીસમી સદીના શિક્ષણમાં માધ્યમ ભાષા તરીકે અંગ્રેજીનું ચલણ હવે તો ખાળી ન શકાય એવું વ્યાપક બન્યું છે. અંગ્રેજોનું રાજ ગયું પણ ‘ અંગ્રેજી’ પ્રતિષ્ઠિત થઈ ગઈ, પરિણામે આપણી સ્વતંત્રતા સ્થાપિત થઈ છે કે કેમ તે પણ અલગ ચર્ચા કે ચિતનનો વિષય બને છે. એકવીસમી સદીમાં શું શીખવાનું છે ? કઈ ભાષામાં શીખવાનું છે.? ‘ જેવા પાયાના પ્રશ્નો પર મૂળગામી વિચાર થવો ઘટે.

શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાનું મૂલ્ય સમજીએ ત્યારે તેમ કરવામાં અંગ્રેજીનો વિરોધ કરીએ છીએ; એમ સમજવું એ સંકુચિતતા છે. ઈન્ટરનેટ આદિ માધ્યમોએ સરહદોના ભેદ ભૂંસી નાખ્યા છે. બહુસંસ્કૃતિવાદ- વિચારણા વિશ્વના અગ્રણી ચિંતકોની પ્રાથમિકતા છે. પ્રદેશ, ભાષા,

જ્ઞાતિ, જાતિ કે ધર્મ અસ્મિતામૂલક સંજ્ઞાઓ કે વારસા તરીકે આદર ધરાવે તે અનિવાર્ય છે પણ આ ઓળખો સંકુચિતતા કે સીમિતતાઓનો પર્યાય બને તો, એવું મિથ્યાભિમાન આપણને પરવળે નહીં. પરિવર્તન સંસારનો નિયમ છે. માનવ અધિકાર બાબતની વૈશ્વિક જાગૃતિના વર્તમાનમાં માત્ર ભાષાકીય પ્રભાવના કારણે કોઈ દેશ બીજા દેશ પર શાસન જમાવે કે કોઈ દેશ ગુલામીપણાનો ભાવ અનુભવે એ શકય નથી, પૃથ્વીપટ પર પ્રજાસમૂહો વચ્ચે ભૌગોલિક અંતર પણ ઘટી રહ્યું છે. વિશ્વના એક ખૂણેથી ઊભો થતો એક અવાજ આખી દુનિયાના દિવાનખંડોમાં ઘડીના છઠ્ઠા ભાગમાં ફરી વડે છે એવું પ્રત્યાયનક્રાંતિના કારણે શકય બન્યું  છે. સંદેશા વ્યવહાર અને સંચાર માધ્યમોમાં ક્રાંતિકારી પરિવર્તનોએ માણસને વિશ્વમાનવ બનાવી દીધો છે. ' ગ્લોબલ વિલેજ' શબ્દનું પ્રચલન એ વાતની સાખ પૂરે છે. સામાન્ય માણસનું પણ નવોન્મેષથી સભર એક ડગલું, વિશ્વના મંચ પર અંકિત થવામાં ક્ષણનો પણ વિલંબ કરે તેવું નથી. શંકરાચાર્યથી લઇ વિવેકાનંદજી સુધી કે સોક્રેટિસથી લઈ સાત્ર સુધીની વિચાર પરંપરા, દર્શન પરંપરા એકવીસમી સદીના મનુષ્ય માટે માર્ગદર્શક રાજમાર્ગ તરીકે સહજોપલબ્ધ હોય એવા સુવર્ણયુગમાં હાલની માનવજાત જીવી રહી છે. વિશ્વ સમસ્તની ક્ષિતિજો હાથવેંતમાં હોય એવા સુવર્ણ યુગમાં હાલની માનવજાત જીવી રહી છે.  વિશ્વ સમસ્તની ક્ષિતિજો હાથવેંતમાં હોય એવા સુવર્ણકાળમાં એકવીસમી સદીનો નૂતન ઉદ્ધારક વિદ્યાજગતનો પ્રહરી હોય એવી સંભાવના નકારી શકાય નહિ. વિજ્ઞાન, માનવવિદ્યાઓ, શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય, સંગીત, સાહિત્ય આદિ લલિતકલાઓ અને ટેકનોલોજી ક્ષેત્રે કાળામાથાના માનવીએ કરેલા પ્રચંડ પુરુષાર્થના ઝળહળતાં શિખરો સમાન વિશ્વખ્યાત કૃતિઓ માનવ જાતિને માટે પ્રસ્તુત છે એવા સમયમાં આવા વૈભવ અને વારસાનું જતન કરવાની જવાબદારીનું શિક્ષણ, એ એકવીસમી સદીનું શિક્ષણ હોવું જોઈએ. આવનારો સમય શિક્ષિત મનુષ્યની કસોટી કરનારો સમય છે. ભવિષ્યની પ્રજા સમક્ષ આપણે કેવું વિશ્વ મૂકી જવા ઈચ્છીએ છીએ તે આપણે વિવેકપૂર્વક વિચારી લેવું પડશે. વર્તમાન વિશ્વના મનુષ્યની જવાબદારી વિશ્વનું જતન કરવાની છે. આપણા પૂર્વજોએ આપણને જે જગતની ભેટ આપી છે તે જગતને અંતિમ ત્રણ સદીથી નૂતન શોધખોળો દ્વારા આપણા વડીલોએ વધુ સમૃદ્ધ કર્યું છે. હવે આપણું દાયિત્વ સુનિશ્ચિત કરવાનો સમય પાકી ગયો છે.

રોજગારલક્ષી કેળવણી એ અવગણી ના શકાય એવો ઉપક્રમ છે. કોઇપણ વ્યક્તિના જીવનની મૂલ્યવાન પ્રથમ પચ્ચીસી માત્ર શિક્ષણ મેળવવામાં જ પસાર થઇ જાય છે. એ

આયોજનની મર્યાદા સૂચવે છે. પ્રથમ પચ્ચીસી જ નહિ ત્રણ – સાડા ત્રણ દાયકા સુધી ભણતા રહીને છેવટે બેકાર રહ્યાના કિસ્સાઓ આપણી આસપાસ જોવા મળે છે. એકવીસમી સદીમાં પણ આવો ઢાંચો જ વિસ્તરતો રહે તો તે ક્ષતિગ્રસ્ત વ્યવસ્થા ગણાય. દરેક ક્ષેત્રમાં જરૂરિયાત મુજબના તાલીમાર્થીઓને પ્રશિક્ષિત કરવાનું આયોજન મહદ્ અંશે બેરોજગારીની સમસ્યાને દૂર કરી શકે. દા.ત., પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની જરૂરિયાતને , આંકડાકીય માહિતીનું વિષય આધારિત પૃથક્કરણ કરી, અગામી દાયકા દરમ્યાન વર્ષવાર ભરતી પ્રક્રિયા મુજબ પૂર્વ આયોજનથી સક્ષમ અને જે તે ક્ષેત્ર માટેના કૃતસંકલ્પ તાલીમાર્થીઓ લાગવગ ઈત્યાદિ આંટીઘૂંટીમાંથી પસાર થયા વગર ખાલી પડેલી જગ્યા પર જવાબદારીની સોંપણી થાય એવી વ્યવસ્થા થવી જોઈએ. શિક્ષણ, આરોગ્ય, હુન્નર – ઉદ્યોગ આદિ દરેક ક્ષેત્ર રુચિ અનુસાર, જરૂરિયાત આધારિત કૌશલ્ય નિર્માણની આયોજનબદ્ધ પ્રક્રિયા થાય તો રોજગાર અને કેળવણીનું સામ્રાજ્ય થાય. અત્યારે તો શિક્ષિત બેકારોની સંખ્યા અપૂર્ણ તાલીમ વ્યવસ્થાની પરિચાયક બની ગઈ છે. અપૂર્ણ વ્યવસ્થાને અર્થપૂર્ણ બનાવવા માટેનું હિતલક્ષી , હેતુલક્ષી આયોજન અનિવાર્ય છે.

રોજગારલક્ષી કેળવણી એ તો આપણા સામગ્રી વિચારનો માત્ર વ્યવહારપક્ષ થયો. શિક્ષણનો વિચાર રોજગાર પૂરતો જ સીમિત રહે એ તો સ્વ – અર્થી, એકાંગી અભિગમ થયો. શિક્ષણ પદ્ધતિનો વિચાર પણ થવો ઘટે. વર્ગખંડોની ચાર દીવાલોમાંથી પ્રાપ્ત થતું શિક્ષણ અને નિર્ધારિત પાઠ્યક્રમની મર્યાદા સમગ્ર શિક્ષણ વ્યવસ્થાને ઘણા બધા અંશે સીમિત રાખતો ઉપક્રમ છે. શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા હોય તો વર્ગખંડ અને પાઠ્યપુસ્તક અનિવાર્ય હોવા છતાં અત્યંત મર્યાદિત સંસાધનો છે. ઓનલાઈન એજયુકેશન એક સક્ષમ વિકલ્પ તરીકે ઊપસી રહે છે. ત્યારે વર્ગખંડો ઇતિહાસની વાત બની જવાની સંભાવના છે. ઓનલાઈન એજયુકેશનની વ્યાપકતા અને સમયની દૃષ્ટિએ અનુકૂળતા ખૂબ આશીર્વાદરૂપ સિદ્ધ થાય તેવી છે. આવનારો સમય દૂરવર્તી શિક્ષણનો છે એમ કહીએ તો સહેજ પણ અતિશયોક્તિ નથી. એકવીસમી સદીના મધ્યભાગમાં ઓનલાઈન એજયુકેશન પેપરલેસ એજયુકેશન તરીકે પ્રચલિત થવાની અપાર શકયતાઓ છે. ગુરુ – શિષ્ય સંબંધો, પ્રત્યક્ષ સંપર્કના કારણે પારસ્પરિક લાગણીશીલ અનુબંધો, આંખની શરમ, ગુરુપૂર્ણિમા જેવી પરંપરાગત વિભાવનાઓ કાલગ્રસ્ત થાય તો નવાઈ નહીં ! ઉપલબ્ધિ અને અધોગતિ , વિકાસ અને વિનાશ વચ્ચે

પાતળી ભેદરેખા છે. આ ભેદરેખાની પરખ વિવેકશીલ, સંયત કેળવણીકારને હોવી ઘટે. આગામી દાયકાઓ માં માર્ગદર્શક પોતે માર્ગ ભૂલેલો પથિક ન હોવો જોઈએ. બધું જ ડિજીટલ થઈ જાય, સરળ થઈ જાય પણ સમગ્ર વ્યક્તિ ચેતનાને માનવીય સંસ્પર્શ મળવો જોઈએ. હૃદયની કેળવણીની અનિવાર્યતા જ માનવ નિર્માણનો ઉપક્રમ બનવો જોઈએ.

નૂતન માનવ નિર્માણ એકવીસમી સદીના શિક્ષણનો એક માત્ર એજન્ડા હોવો જોઈએ. નૂતન માનવ એટલે એવો માનવ, જે હજારો વર્ષની માનવ પરંપરાનો અભ્યાસપૂર્વક આદર કરનારો સંકુચિતતા મુકત, માનવીય પુરુષાર્થનો રક્ષક, માનવાધિકારનો આગ્રહી, ન્યાયપૂર્ણ, શોષણમુકત, સ્વસ્થ, સર્વ સમાવેશક, સમાનતાલક્ષી, સમાજ સંરચનાનો વાહક.

સ્વસ્થ સમાજસંરચના એ આજની ક્ષણે અશકય જણાતો આદર્શ લાગે છે કારણ કે મનુષ્યનો લોભ, પ્રસિદ્ધિની ભૂખ, સત્તાલક્ષી પ્રભાવોત્પાદક માનસિકતાએ વકરાવેલી સ્પર્ધા, ઈર્ષ્યા આદિ તમસ ગુણોનો વિસ્ફોટ આપણી સ્વસ્થતાના માર્ગના અવરોધક પરિબળો છે. સદી પૂર્વે ગાંધીજીએ ' હિન્દસ્વરાજ' પુસ્તકમાં હિંદ – સ્વરાજ નિમિતે મનુષ્યના સુરાજ્યની કલ્પના કરેલી. એ જમાનામાં પણ મહાત્માના વિચારો તરંગો – તુક્કાઓ જેવા ગણનારા વ્યવહારવિદો હતાં. 'હિંદસ્વરાજ' પ્રગટ થયાના સાડા ત્રણ દાયકા પછી ગાંધીજીએ પોતે એક પત્રકારના પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે આજે પણ તેઓ 'હિંદ સ્વરાજ' માં વ્યક્ત થયેલા વિચારોમાં અડગ છે.

સ્વસ્થ સમાજ સંરચનાનું શિક્ષણ એ જ એકવીસમી  સદીનું શિક્ષણ હોવું જોઈએ. જે નૂતન માનવ દ્વારા જ સિદ્ધ થઇ શકે. આધુનિક માણસે નૂતન માણસ બનવાની તક ગુમાવી દીધી. આધુનિક ચિંતકે માત્ર નાસ્તિક બની રહેવામાં જ પોતાના જીવનની સફળતા માની લીધી. સાંસ્કૃતિક મૂલ્યો કે જીવનમૂલ્યોનો સર્વથા, ઉપહાસજનક પરિહાર કરવો એ આધુનિક મનુષ્યનું અપલક્ષણ બની ગયું. આધુનિકતાના એક સંવેદન તરીકે સ્વીકૃત બને, પણ હજારો વર્ષની પ્રજાજીવનની પરંપરાને તર્કની લાકડીએ હાંસિયામાં ધકેલવાનો ઉપક્રમ કોઇપણ પ્રજાનો સામૂહિક જીવનાદર્શ ન બની શકે. સુધારકવાદી અભિગમ આવકાર્ય અને અનિવાર્ય છે પણ તેનું માધ્યમ શિક્ષણ જ હોય. વિજ્ઞાનલક્ષી નિરિશ્વરવાદી જીવનશૈલીએ ભોગવાદનો મહિમા કર્યો. ઉપભોગ અને ઉપભોક્તાવાદ આપણી બજારલક્ષી જીવનશૈલીના જાણીતા શબ્દો બન્યાં. માણસ પોતે એક વિરાટયંત્રના પાર્ટ જેવો બની ગયો. સંવેદનશૂન્યતાથી સંવેદનહીનતા સુધીની ગતિ,

પ્ર- ગતિ કહો કે અધોગતિ થઈ. માણસ જેવો માણસ પળવારમાં બ્રેકીંગ ન્યૂઝ થઈ જાય એટલી હદે મૃત્યુ હાથવગું થયું અને જીવન વિસ્મૃત થતું ગયું છે. જીવંતતાનો ચૈતન્યલક્ષી સંસ્પર્શી ગુમાવી ચુકેલા આધુનિક માણસ પાસે અસ્તિત્વની ઓળખ નામે માનસિક રજળપાટ જ સિલકમાં બચ્યો.

મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતો સંતોષે એવા સંસાધનોનો વિકાસ અને સહજ ઉપલબ્ધ થાય એવી વિતરણ – વેચાણ કે વહેંચણી વ્યવસ્થા એકવીસમી સદીના ઉચ્ચ શિક્ષણનું અંતિમ ધ્યેય બને તે જરૂરી છે. વિજ્ઞાન – ટેકનોલોજી ક્ષેત્રની નોંધપાત્ર ઉપલબ્ધિઓ પછી પણ વિશ્વની કરોડોની જનસંખ્યાને બે ટંક પેટનો ખાડો પુરવાનું ભોજન ના મળે તો વિકાસની આખી અવધારણા હિંસક પૂરવાર થાય છે. ચંદ્ર પર માનવ વસાહતનું સ્વપ્ન જોતો માણસ ધરતી પરના જળાશયોનું શુદ્ધિકરણ કરવા માટે આવશ્યક માત્રામાં ઉત્સુક નથી એ આશ્ચર્યની વાત છે. નર્કાગાર ઝૂંપડપટ્ટીઓમાં જંતુની માફક ખદબદતી માનવવસ્તી સભ્યતા અને સંસ્કૃતિ પર કાળા ડાઘ સમાન છે. આર્થિક અસમાનતા અને સામાજિક વિષમતા જેવા દૂષણો દૂર કરવાની સમજ એકવીસમી સદીના શિક્ષણનું ધ્યેય બને એવી આશા રાખવી એ જરાપણ વધુ પડતું નથી.

વિજ્ઞાનના સથવારે વિકાસલક્ષી અભિગમે ભદ્રવર્ગ અને પછાતવર્ગ વચ્ચે બહુ મોટી ખાઈ ઊભી કરી છે. વસ્તુ કે સંસાધનોની અસમાન વહેંચણી આપણા સમયની બહુ મોટી નિષ્ફળતા છે. એકવીસમી સદીમાં ઉચ્ચ કેળવણીપ્રાપ્ત સમૂહ પાસે એવી સહજ અપેક્ષા રહે કે વિકાસના ફળ સહુ સુધી પહોંચે એવી વ્યવસ્થા નિર્માણ કરવામાં સહાયક બને. યંત્રો દ્વારા ‘ માસ પ્રોડક્શન’ નો હેતુ સિદ્ધ થયો પણ ‘ હિંદ સ્વરાજ’ ના દ્રષ્ટાએ ‘ પ્રોડક્શન બાય માસ’ નો આગ્રહ રાખ્યો હતો. યંત્ર – ઉદ્યોગ દ્વારા એક વ્યક્તિએ મુઠ્ઠીભર વ્યક્તિઓ અકજોપતિ બને અને સીમિત કારીગર વર્ગનું હંમેશા શોષણ થતું રહે એવા અભિગમને ગાંધીજીએ તિલાંજલિ આપી હતી. જીવન જરૂરી આવકની શકયતાઓ તમામને માટે ઉપલબ્ધ બને એ વિકાસની નિશાની છે એમ ગાંધીજી માનતા હતાં. ‘ પ્રોડક્શન બાય માસ’ દ્વારા આ શકય થઇ શકે. પણ આપણે યંત્રને જ જીવનમંત્ર માની બેઠાં. પરિણામે બહુ મોટી સંખ્યામાં લોકો બેરોજગાર થવા લાગ્યા. એક મશીન સો માણસનું કામ કરે એનો અર્થ એ છે કે નવ્વાણું માણસ બેકાર બને. મશીનનો એક

માત્ર ચાલક રોજગારી મેળવે અને મશીનનો માલિક અરબપતિ બને. ગાંધીજી યંત્રવિરોધી નહોતા પણ યંત્રના વિવેકપૂર્ણ ઉપયોગના આગ્રહી હતાં.

કુદરતી સંસાધનોમાં આખી માનવજાતની જરૂરિયાતો સંતોષાય એટલી સામગ્રી છે પણ એક માણસના લોભને સંતોષવા માટે આખી કુદરત ઓછી પડે. આપણા લોભને થોભ નથી. વિકાસના વિનાશક દુષ્ચક્રમાં કુદરતી, પ્રાકૃતિક સંસાધનોનો બેફામ ભોગવટો અને પર્યાવરણીય અસંતુલન માનવસર્જિત આફતોનું જન્મસ્થાન છે. જળ, જમીન અને જંગલો પરનું આક્રમણ આધુનિક, શિક્ષિત મનુષ્યની વિકૃત હરકતોના નાદાર નમૂનાઓ છે. પર્યાવરણના સંતુલનને ખોરવવાનું સહજ બની ગયું છે. સ્વસ્થ મનુષ્ય તરીકે જીવવાની જાણે આપણી તૈયારી જ નથી. પ્રાકૃતિક બેઠાડું જીવનશૈલીએ અનેક નવા રોગોની ભેટો આપી છે. કુદરતના ચક્રમાં હસ્તક્ષેપ કરવાના કારણે મનુષ્ય હોવાની સ્વાભાવિકતા આપણે ગુમાવી દીધી છે. કુદરતે આપણને સફરજન આપ્યું. દાંતથી ચાવવા – ખાવાની સફરજન જેવી મૂલ્યવાન વસ્તુનું આપણે જ્યૂસ બનાવી નાખ્યું. ચાવવાના શ્રમમાંથી પણ મુક્તિને આપણે વિકાસ કહીએ છીએ. પ્રકૃતિના તત્તવોને કે કુદરતી કૃતિને વિકૃત કરવાનું મનુષ્ય માટે સહજ થઈ ગયું. શરીરજન્ય રોગો બેઠાડું જીવનની ઉપલબ્ધિ છે. તનાવ યુક્ત જીવનશૈલી આપણી અનાવશ્યક જરૂરિયાતોનું પરિણામ છે.

વિજ્ઞાન જેવા આશીર્વાદરૂપ પુરુષાર્થનું અવમૂલ્યન અભિશાપમાં પરિણમે એવી સ્વકેન્દ્રી, નિરંકુશ ભોગવટાની માનસિકતાને વિવેકની લગામની જરૂર છે. એકવીસમી સદીમાં આખી દુનિયા મુઠ્ઠીમાં હોય એ વિજ્ઞાનનો આશીર્વાદ છે. એકાદક્ષણમાં પૃથ્વીનો વિનાશ કરવાની ક્ષમતા વિજ્ઞાનનો અભિશાપ છે. બે –બે વિશ્વયુદ્ધો નિહાળી ચુકેલી દુનિયાને વિશ્વશાંતિની જરૂરિયાત છે. વિવેકધર્મની તાતી આવશ્યકતા છે. એકવીસમી સદીમાં ઉચ્ચ શિક્ષણ માનવ નિર્માણનું કાર્ય કરે તો જ વિશ્વશાંતિ શકય છે. લોભને થોભ હોવો ઘટે. વિજ્ઞાન અને અધ્યાત્મના સમન્વયની વાત વિનોબાજીએ પણ કરી છે. સર્વ પ્રકારની સંકુચિતતાઓનો પરિહાર અને વ્યાપક વિશ્વદર્શન એ જ વિશ્વગ્રામમાં વસવાટ કરતા વિશ્વમાનવની કલ્પના હોઈ શકે. એટલે જ વિનોબાજીએ ‘ જય જગત’ નો નારો આપેલો.

ડૉ . યોગેન્દ્ર પારેખ

પ્રોફેસર, ગુજરાતી વિભાગ,

ડૉ.બા.આં.ઓ.યુ.